# સૌમાં સહજાનંદ દેખાય...

કૃપા કરો ઘનશ્યામ, હરિવર સઘળે રૂડું ભાળું,
દિવ્ય દૃષ્ટિ દો પ્યારા, સૌને દિવ્ય નિહાળું,
મુને પ્રભુતા પરખાય, સૌમાં સહજાનંદ દેખાય...

આવી ધન્ય ઘડી હો આજ, પ્રગટ હરિ કરે ન્યાલ,
અનુવૃત્તિએ ભક્તિ કરીને, રાજી કરું એ જ ખ્યાલ,
તુજ રુચિમાં જીવાય, હું તું એકમના થવાય,
મુને પ્રભુતા પરખાય, સૌમાં સહજાનંદ દેખાય...

રોમે રોમે વસ્યો પરમાનંદ, સ્વામી અજબ હિતકારી,
પરમ મંગલ દર્શન પાયો, હરિ સકલ સુખદાયી,
હરપળ પ્રગટ હરિ સમરાય, તારું સ્વરૂપ હવે ઓળખાય,
મુને પ્રભુતા પરખાય, સૌમાં સહજાનંદ દેખાય...

તારા પ્રેમની એ સરવાણી, નેહની લગની લગાડી,
તવ રુચિમાં રાચું પ્રીતમ, દ્વૈતનાં દુઃખ ભુલાડી,
ઉરસાગર ખૂબ હરખાય, સ્વના ભાવથી પર જવાય,
મુને પ્રભુતા પરખાય, સૌમાં સહજાનંદ દેખાય...

---------------------------------------